આથી અમો નીચે સહી કરનાર અરજદાર ................................................... ...
... .......................................................................................
ઉમર વર્ષ ................ધર્મ ................ રહેવાસી ............................
.........................................................................................
.........................................................................................

મારા ધર્મ અને સત્ય પ્રતિજ્ઞા સાથે સોગંદ મુજબ ઉપર જાહેર કરું છું અને આ સોગંદનામું **ટ્રેન્ડ ગુજરાત,** ગુજરાતી અખબારની તરફેણમાં લખી આપી જાહેર કરું છું કે, **ટ્રેન્ડ ગુજરાત** અખબારના માનદ પ્રતિનિધિ તરીકેની કામગીરી માટે હું મારી સંપૂર્ણ સ્વેચ્છાએ જોડાવું છું. મને **ટ્રેન્ડ ગુજરાત** સંસ્થા તરફથી સોંપવામાં આવેલી માનદ પત્રકારની તમામ જવાબદારીઓ, કામગીરીઓ અને સંસ્થાના તમામ નીતિ-નિયમોનું ઈમાનદારીપૂર્વક પાલન કરીશ, અને તે તમામ બાબતો મને કબૂલ તથા મંજુર છે. કોઈજ તકરાર, વાંધા-વિવાદ કે તકલીફ નથી.

આજની તારીખે સમગ્ર દેશમાં મારા પર કોઈજ પ્રકારની પોલીસ ફરિયાદ, કોર્ટ કેસ કે અન્ય દાવા-દવીની ફરિયાદો કે કોર્ટ કેસ ચાલુ નથી, મારો પાસપોર્ટ જપ્ત કરવામાં આવેલ નથી. મેં આ એફિડેવિટ કરનાર ઉપર કોઈજ પ્રકારની પોલીસ કાર્યવાહી કે ગુનો દાખલ થયેલ નથી તે સમગ્ર બાબતો આ એફિડેવિટથી જાહેર કરું છું.

સંસ્થા વતી જે તે સમયે – સ્થળે મેળવેલ સમાચારો, માહિતી કે જાહેરાતોની સત્યતા અને ખરાઈ બાબતે મારે તંત્રીશ્રી, માલિકશ્રી અથવા જવાબદાર વ્યક્તિને લેખિત અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાની ફરજ રહેશે. આ માનદ કામગીરીમાં કોઈ ભૂલ, ચુક, સરકારશ્રીના નીતિ-નિયમો વિરુદ્ધ અથવા કાયદા વિરુદ્ધ કામગીરી થાય, ફેક ન્યૂઝ પ્રસિદ્ધ થાય, માનહાનીના દાવા થાય અથવા કોઈપણ પ્રકારની કાનૂની કાર્યવાહી થાય, અને તેમાં હું કસૂરવાર ઠરું, તો તેની સંપૂર્ણ જવાબદારી મારી અંગત રહેશે. જેમાં ટ્રેન્ડ ગુજરાત ના સંચાલકો, માલિકો અથવા અન્ય કોઈ કર્મચારીની જવાબદારી નહીં રહે, જે મને કબૂલ છે. આવા સમયે મારી પત્રકાર/ફોટોગ્રાફર/સ્ટ્રિંગર તરીકેની સભ્યતા રદ, કેન્સલ અથવા સસ્પેન્ડ કરવામાં આવે તો તેવા સમયે હું કોઈપણ પ્રકારની કાનૂની કાર્યવાહી કરીશ નહીં, અને ઓળખપત્રનો દુરુપયોગ કર્યા વિના તે પરત આપીશ તથા કોઈ વળતર કે અન્ય કોઈ દાવો કરીશ નહીં. તમામ સમાચારો અથવા અન્ય બાબતોમાં થયેલા અકસ્માત કે કાનૂની કાર્યવાહી બાબતે હું સંપૂર્ણ અંગત જવાબદાર રહીશ અને સમયાંતરે બદલાતા નવા નીતિ-નિયમો સાથે સભાન અવસ્થામાં કાર્ય કરીશ.

આ સોગંદનામું મેં મારી સંપૂર્ણ મરજી, સમજ અને અનુમતિથી **ટ્રેન્ડ ગુજરાત** અખબારને આપી રહેલો છું, જેમાં કોઈજ વાંધો, તકરાર કે દલીલ નથી.

ટ્રેન્ડ ગુજરાત દ્વારા આપવામાં આવેલી જવાબદારી અને હોદ્દાનો દુરુપયોગ કે ગુનાહિત પ્રવૃત્તિ હું નહીં કરું અને જો મારા નામે કોઈપણ વિવાદ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી મારી રહેશે, જેમાં ટ્રેન્ડ ગુજરાત ના તંત્રીશ્રી અથવા સંચાલકોની કોઈજ જવાબદારી નહીં રહે. મારે આપવામાં આવેલ ઓળખકાર્ડ દર વર્ષે રીન્યુ કરાવવું એ મારી ફરજ રહેશે. ઉપરાંત, તંત્રીશ્રી તરફથી મળતા પ્રેસ આમંત્રણોમાં હાજરી આપવી

અને પ્રેસ અહેવાલ મોકલવો મારી ફરજ રહેશે. મારું અખબારનું ન્યાયતંત્ર કોઈપણ લીગલ કાર્યવાહી માટે રહેશે, જેને હું સ્વીકાર કરું છું. મારી સૂઝબૂઝ અને અનુભવો આધારે હું ટ્રેન્ડ ગુજરાત સાથે જોડાઈને કાર્ય કરીશ.

આ સોગંદનામું સંપૂર્ણપણે મારી મરજીથી કરેલ છે. ખોટું સોગંદનામું કરવું કાયદેસર રીતે ગુનો બને છે, જેની મને સંપૂર્ણ સમજ છે અને હું ઉપર મુજબના લખાણની બાહેધરી આપું છું.

સ્થળઃ
તારીખઃ
નામઃ
સહીઃ